# કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા "સંકલિત જીવાત વ્યવસ્થાપન" અંગેનો
# ચાર દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલીમ તા. ૦૨/૦૭/૨૦૨૪ થી ૦૫/૦૭/૨૦૨૪ દરમ્યાન આયોજન કરવામાં આવેલ. જેમાં છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાનાં અલગ અલગ ગામોના કુલ ૩૨ ખેડૂત બહેનોએ ભાગ લીધેલ. આ તાલીમ કાર્યક્રમમાં ધાન્ય પાકો, કઠોળ પાકો, તેલીબિયાના પાકો, બાગાયતી પાકો, ઘાસચારાનાં પાકોને નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે ઊંડાણપૂર્વક ખેડૂત બહેનોને માર્ગદર્શન આપવામાં આવેલ. તાલીમ દરમ્યાન પ્રાકૃતિક કૃષિની અગત્યતા અને તેમાં પાક સંરક્ષણ કઈ રીતે કરી શકાય તે અંગે પણ સમજણ આપવામાં આવી હતી. તાલીમ કાર્યક્રમમાં વાતાવરણિય ફેરફાર દ્વારા વિવિધ પાકમાં આવતી જીવાતોનું સમયસર સંકલિત વ્યવસ્થાપન અપનાવી જંતુનાશકોના આડેધડ છંટકાવ ઘટાડવો જોઇએ તેમજ વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી આવક કઈ રીતે વધારી શકાય તે અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે પણ તાલીમ આપવામાં આવેલ અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

આ ઉપરાંત ખેડૂત બહેનોને મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, પશુ સંશોધન કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર અને શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ તાલીમ કાર્યક્રમમાં ખેડૂત બહેનોને પ્રાયોગિક તાલીમ પણ આપવામાં આવી હતી.

ખેડૂત બહેનોએ પણ તેઓના પ્રતિભાવમાં તાલીમ વિશે જણાવેલ કે આ તાલીમ તેઓને ખૂબજ ઉપયોગી સાબિત થશે કારણકે અત્યાર સુધી તેઓ જીવાત અને રોગ અંગે આટલી બધી સમજ ધરાવતા ન હતા. તેમજ અમોએ મેળવેલ માહિતી અન્ય ખેડૂતો સુધી પણ પહોંચાડીશુ. તેઓએ આવી તાલીમ રાખવા બદલ આણંદ કૃષિ યુનિવર્સિટીનો આભાર પણ માન્યો હતો અને તાલીમ અસરકારક અને સંતોષકારક રહી તેમ જણાવ્યુ હતું.

આ તાલીમ કાર્યક્રમના અંતે ડૉ. જે. કે. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ અને ડૉ. વાય. એમ. શુક્લ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદએ તાલીમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે આશીર્વચન પાઠવેલ તેમજ યુનિવર્સિટી ખાતે ચાલતી અન્ય તાલીમોમાં પણ ભાગ લેવા ખેડૂતોને આહવાન કર્યું હતુ. તથા

તેઓશ્રીના હસ્તે પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં કીટકશાસ્ત્ર વિભાગના વડા, ડૉ. ડી. બી. સિસોદીયાએ તાલીમ દરમ્યાન મેળવેલ માહિતીનો ઉપયોગ ખેતીમાં કરી તેનો લાભ મેળવવા જણાવ્યું હતું. તેમજ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોમાં પોતાના બાળકોને પ્રવેશ મેળવવા માટે પ્રયત્ન કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામના સહપ્રાધ્યાપક, ડૉ. એ. આર. મેકવાને પણ ખેડૂતોને તેમના મુંજવતા પ્રશ્નોના નિરાકરણ માટે આણંદ કૃષિ યુનિવર્સીટીના વૈજ્ઞાનિકોનો સંપર્ક કરવા જણાવેલ તેમજ તાલીમ રાખવા બદલ આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે ડૉ. એચ. સી. પટેલ અને મિનાક્ષી લુણાગરીયા પણ હાજર રહ્યા હતા.

## <u>તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>











FARMER TRAINING


સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ


સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ


तुलसी